## અમે શું કરીએ છીએ ...

- બળાત્કાર, નજીકના સગાં વચ્ચેનો સંભોગ અને જાતીય અત્યાચાર વિષે ખાનગી સલાહ પૂરી પાડીએ છીએ.
- અમે પોલીસ, તબિબિ અને કાનૂની પધ્ધતિઓ વિષે સમજાવીએ છીએ.
- ભોગ બનેલ વ્યક્તિઓને (પુરુષો અને સ્ત્રીઓ) તથા તેઓના કુટુંબો/મિત્રોને મદદ અને વ્યવહારુ સલાહ પૂરી પાડીએ છીએ.
- બળાત્કાર અને જાતીય અત્યાચારના વિષય ઉપર ગ્રૂપો સાથે વાતચીત કરવા માટે પ્રવક્તા પૂરાં પાડીએ છીએ અને આમ કરવા મારફત જાહેર જનતાને વધુ સમજણ કેળવવામાં મદદ કરીએ છીએ.
- ભોગ બનેલ વ્યક્તિઓને ક્રિમિનલ ઈન્જરીઝ કોમ્પન્સેશન સ્કિમ વિષે મદદ અને સલાહ પૂરી પાડવી.

સંપૂર્ણ ખાનગી અને મફ્ત સલાહ માટે

**(01604) 250721 ઉપર ટેલીફોન કરો**

**www.nricc.com**

NORTHAMPTONSHIRE
**RAPE & INCEST CRISIS CENTRE**

Confidential advice on Rape, Incest & Sexual Abuse

OFFICE FOR CRIMINAL JUSTICE REFORM
Criminal Justice System: working together for the public

નોંધણી કરાયેલ ચેરિટી નંબર : 297043

# ખોટી માન્યતાઓને ધ્વસ્ત કરવી

NORTHAMPTONSHIRE
RAPE & INCEST CRISIS CENTRE

Confidential advice on Rape, Incest & Sexual Abuse



## બળાત્કાર, નજીકના સગાં વચ્ચેનો સંભોગ અને જાતીય અત્યાચાર વિષે ખાનગી સલાહ

Community Legal Service Direct

નોંધણી કરાયેલ ચેરિટી નંબર : 297043

**NRICCને નોર્થમ્પટન બરો કાઉન્સિલ** અને **નોર્થમ્પટન કાઉન્ટિ કાઉન્સિલ મારફત** ભંડોળની મદદ મળેલ છે.

આ પત્રિકા બળાત્કારના વિષયમાં માહિતી પૂરી પાડવા માટે અને તેને લગતી ખોટી માન્યતાઓને દૂર કરવા માટે તૈયાર કરવામાં આવેલ છે. તેને નોર્થેમ્પટનશાયર રેપ એન્ડ ઈન્સેસ્ટ ક્રાઈસિસ સેંટર મારફ્ત બહાર પાડવામાં આવેલ છે - અમારો ટેલીફોન નંબર છે (01604) 250721.

બ્રિટનમાં ઘણાં સેંટરો છે છતાંપણ, નોર્થેમ્પટનશાયર સેંટર અન્ય સેન્ટરોથી વિભિન્ન છે. અમારી પાસે કર્તવ્યનિષ્ઠ કર્મચારીઓ અને સ્વયંસેવકો છે, કે જેઓ કોઈ પણ જાતનો અભિપ્રાય બાંધવા વગર સાંભળશે અને તેઓને વ્યવહારુ મદદ અને સલાહ પૂરી પાડી શકે છે.

## ખોટી માન્યતાઓ

સૌપ્રથમ, ચાલો આપણે ખોટી માન્યતાઓ ઉપર નજર કરીએ. તે વ્યાપક છે અને મોટેભાગે ડર અને અણસમજને કારણે ઉદભવમાં આવી છે. બળાત્કાર ઓછા હેવાલો આપવામાં આવતા અપરાધોમાંનો એક છે. એ શક્ય છે કે દર એક બળાત્કારનો હેવાલ આપવામાં આવે, તો ત્રણ જેટલાં બળાત્કારોનો હેવાલ આપવામાં આવતો નથી. સામાન્યરીતે આમ બનવા પાછળનું કારણ એ છે કે ભોગ બનેલ પુરુષ, સ્ત્રી અથવા બાળકને ડર હોય છે કે તેઓને સાચા નહીં માનવામાં આવે, અથવા તેઓને એવું લાગે કે હુમલા માટે કોઈક રીતે તેઓનું અંશદાન હતું.

જો આપણે આમાંની કેટલીક ખોટી માન્યતાઓ ઉપર વિગતવાર નજર કરીએ, તો એ જોવુ સરળ છે કે તેમાં ખુબજ ઓછો તર્ક અથવા સત્ય છે.



**ખોટી માન્યતા – બળાત્કાર એક પાગલ અથવા જાતિય સંબંધમાં સૃષ્ટિક્રમથી વિપરીત રીતે વર્તનાર વ્યક્તિ મારફ્ત કરવામાં આવે છે.**

હકિકત – બળાત્કાર કરનાર વ્યકિત એક રાક્ષસ નથી, બળાત્કાર કરનાર વ્યકિત ઘણીં વખત એક ‘આબરૂદાર’, ‘સારા’, ‘સામાન્ય’ વ્યકિત હોય છે અને કદાચ તેઓ ભોગ બનનાર વ્યકિતને જાણતા હોય છે.

**ખોટી માન્યતા – બળાત્કાર ફક્ત અજાણી વ્યક્તિ મારફત, અંદારી ગલીઓમાં, મોડી રાત્રે કરવામાં આવે છે.**

હકિકત – મોટી સંખ્યાની ભોગ બનેલ વ્યકિતઓ ઉપર અજાણી વ્યકિતઓ મારફ્ત બળાત્કાર કરવામાં આવે છે. મોટાભાગના લોકો અજાણી વ્યકિતની નજીક નથી જતાં, પરંતુ તેઓને તેઓ જાણતા હોય તેવી વ્યકિતઓ સાથે સહેલાઈનો અનુભવ થાય છે. મોટાભાગના બળાત્કારના હુમલાઓ ક્યાંતો ભોગ બનનાર વ્યકિતના ઘરમાં અથવા હુમલો કરનાર વ્યકિતના ઘરમાં થાય છે.

**ખોટી માન્યતા – સારી વ્યક્તિઓ ઉપર બળાત્કાર નથી થતો.**

હકિકત – કોઈ પણ વ્યકિતઓ ઉપર બળાત્કાર થઈ શકે છે. દરેક ઉંમર, વર્ગ, વર્ણની વ્યકિતઓને બળાત્કારનો અનુભવ થયો છે. વ્યકિતનો હોદ્દો બળાત્કાર માટેનો એક ઘટક નથી.

**ખોટી માન્યતા – સ્ત્રીઓ/પુરુષો બળાત્કારને લગતી કલ્પનાઓનો આનંદ લે છે**

હકિકત – બળાત્કાર એ જાતીય હિંસા તથા માનહાનિને લગતો એક અપરાધ છે, કે જેમાં તિવ્ર મારપીટ, શારીરિક બંધન અને હથિયારોનો કદાચ સમાવેશ થાય. ભોગ બનેલ ઘણીં વ્યકિતઓ આજીવન શારીરિક અને માનસિક જખમો સાથે જીવે છે. કોઈપણ વ્યકિત માટે તે એક ધૃણાજનક અને માનહાનિભર્યો અનુભવ છે.

હકિકતમાં બળાત્કારનો ભોગ બનેવ વ્યકિત પાસે કોઈ વિકલ્પ હોતો નથી. બળાત્કાર કદાચ અમાનુષી અને નીતિભ્રષ્ટ હોય અને સંમતિ ક્યારેય માંગવામાં ન આવી હોય અથવા સંમતિને લક્ષમાં લેવામાં ન આવેલ હોય.

**ખોટી માન્યતા – બળાત્કાર કરનારાઓ કાબુ ન રાખી શકાય તેવા જાતીય આવેગના સકંજામાં હોય છે.**

હકિકત – એ ચોખ્ખુ જણાય છે કે બળાત્કાર કરનાર વ્યકિત જાતીય કૃત્યના બદલે સત્તા અને કાબુની સંવેદનાનો આનંદ લે છે.